દુનિયાને તરંગી કે પાગલ લોકો ચલાવે છે, ડાહ્યા અને ઠરેલ લોકો માત્ર એ માર્ગે ચાલવાનું જ કામ કરે છે
- રજનીશ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૫૮ | ૨૯ નવેમ્બર, ૨૦૧૩, શુક્રવાર; કારતક વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરમાં ૧૫મીએ રન ફોર યુનિટી

## જિલ્લાના ૪૦ હજાર દોડવીરો ચાર સ્થળો પર એક જ સમયે એક સાથે દોડી એકતાનો સંદેશ આપશે : ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિરથી વિધાનસભાના માર્ગ પર આ દોડ યોજવામાં આવશે : કલોલ-દહેગામ-માણસામાં પણ આયોજન

ગાંધીનગર, તા. ૨૮

આગામી ૧૫મી ડિસેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લામાં ચાર સ્થળોએ યુનિટી ફોર રનનો અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. ગાંધીનગર, દહેગામ, માણસા અને કલોલ ખાતે યોજાનાર આ યુનિટી ફોર રનમાં ૪૦ હજારથી વધુ દોડવીરો ભાગ લેનાર છે.

ભારતના લોહપુરૂષ સરદાર પટેલના નિર્વાણદિને તેમની યાદીમાં આ અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ દિવસે સમગ્ર દેશમાં આ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિરથી વિધાનસભાના માર્ગ પર આ દોડ સવારે ૮.૩૦ કલાકે યોજવામાં આવનાર છે. ગાંધીનગર શહેરમા યોજાનાર આ દોડમાં ૧૫ હજાર દોડવીરો જોડાશે. આ દોડમાં ભાગ લેવા માટે વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરવામાં આવે છે.

ગાંધીનગર શહેરમાં ૧૫ હજાર, કલોલમાં ૧૫ હજાર, માણસામાં પાંચ હજાર, દહેગામમાં પાંચ હજાર દોડવીરો જોડાવાના છે.

આ દોડ એક જ સમયે શરૂ કરવામાં આવશે અને એક સાથે પૂર્ણ થશે. આ દોડ માટે દોડનો પ્રારંભ થવાનો છે તે સ્થળ મહાત્મા મંદિર ખાતે પણ ૧૫મી ડિસેમ્બરના રોજ ખાસ રજીસ્ટ્રેશન કાઉન્ટરો બનાવવાનું પણ આયોજન છે.

મળતી વિગતો પ્રમાણે આ યુનિટી ફોર રનના આયોજનમાં

● અનુસંધાન પાન-૭ પર



અસરકારક ઔષધ હળદર - શિયાળાના પગલે કફ-શરદીના અસરકારક ઈલાજમાં આદુ અને હળદરનો ઉપયોગ વ્યાપક રીતે થાય છે... શરદીના રામબાણ ઈલાજમાં વપરાતા હળદરનો ઉપયોગ આજકાલ અનેક સ્વરૂપે થઈ રહ્યો છે... રોજ સવાર - સાંજના ભોજનમાં હળદર પીરસાય છે... હળદર, અરડુસી અને તુલસીનો રસ પણ ઘરે-ઘરે પીવાય છે... રોગ પ્રતિકારક શક્તિવર્ધકમાં હળદર અગ્ર ક્રમે છે... એક સંશોધન મુજબ કેન્સરની સામે પણ ઉપચાર તરીકે સવાર - સાંજ હળદરનો ઉપયોગ થાય છે... શિયાળાનું આ અસરકારક કંદ-મૂળ છે... આજકાલ બજારમાં ઠેર - ઠેર હળદરના ઢગ મંડાયા છે... અને ગૃહિણીઓ હોંશે હોંશે હળદર ખરીદી ભોજનમાં પીરસે છે... પરંપરાગત વડવાઓ તો શરદી - ઉધરસમાં દૂધની સાથે હળદરનો રસ પીવડાવતા હતા. હળદર ખાંસી - શરદી ઉપરાંત લોહી શુદ્ધિમાં પણ ઉપયોગી સાબિત થતી હોય છે... (તસવીર : દિપક જાની)

# જિલ્લામાં ૭૦ તલાટીની ઘટથી ગ્રામ્ય વિસ્તારના રોજ-બરોજના પ્રશ્નો અટવાયા

## વેરા-વસુલાત, પાણી-પત્રક તૈયાર કરવાની કામગીરી પર પણ વિપરીત અસરો પડી રહી છે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લામાં ૭૦ જેટલા તલાટીઓની ઘટને લઈ ગ્રામ્ય વિસ્તારના રોજ બરોજના પ્રશ્નો અટવાઈ જવા પામ્યા છે અને ગ્રામીણ પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે.

જિલ્લામાં હાલ તલાટીઓ પાસે એકથી ૩ સેજાના ચાર્જ હોવાને કારણે તેઓ નિયમિતપણે પંચાયત કચેરીમાં હાજરી પણ આપી શકતા નથી. આ ઉપરાંત સરકારી બેઠકો અને અન્ય જવાબદારીઓમાં વ્યસ્ત હોવાથી પંચાયતની કચેરીમાં લોકોના ધરમ ધક્કા વધી જવા પામ્યા છે.

મળતી વિગતો પ્રમાણે તલાટીઓની અછતને પગલે ગ્રામ્ય વિસ્તારમાં વેરા વસુલાત પર પણ વિપરીત અસરો પડી રહી છે એટલું જ નહિ વિકાસના કામો પણ ઠપ્પ થઈ જવા પામ્યા છે. હિસાબવહી પણ નિયમિત લખાતી નહી હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ૨૦૦૬-૦૭થી ૨૦૧૧-૧૨ સુધીની જમાબંધીની ચકાસણી માટે હમણાં નાયબ મામલતદારોને ખાસ ફરજ સોંપવાની પણ પરિસ્થિતિ ઉભી થઈ હતી.

તલાટીઓની વધતી જતી ઘટને લઈ તાજેતરમાં વિકાસ કમિશનરશ્રીની કચેરીએ પણ વિગતો મંગાવી હતી પરંતુ સરકારની નીતીને ધ્યાને લઈ નવેસરથી ઓછી ઘટ દર્શાવી નવુ માંગણીપત્રક મોકલવાની સૂચનાઓ જારી કરાઈ હોવાની વાતો ચર્ચામાં છે.

બીજી તરફ જિલ્લામાં ૨૦૧૪ના માર્ચ સુધીમાં વધુ અર્ધો ડઝન જેટલા તલાટીઓ વયમર્યાદાને લઈ નિવૃત્ત થઈ રહ્યા છે. આ સ્થિતિમાં આગામી દિવસોમાં ગ્રામ્ય વિસ્તારના લોકોની હાલત શું છે તે સામે પ્રશ્નાર્થ ઉભા થવા પામ્યા છે.

જિલ્લામાં તલાટીઓની ઘટને કારણે પાણી પત્રકો પણ તૈયાર થઈ શકતા નથી જે છેલ્લા પાંચ વર્ષના બાકી પડયા છે. જો કે હવે તંત્રએ પાણી પત્રકની કામગીરીને મિશન મોડ પર લીધી છે.




# ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર ઓફ એક્સલન્સ બનશે

## ધ રોડમેપ એન્ડ પર્સ્પેક્ટીવ ઓફ જીઆઈડીએમ વિષયક એક દિવસીય બેઠકમાં દુનિયાના તજજ્ઞોએ ચિંતન કર્યું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સ્થિત ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંસ્થા ખાતે તાજેતરમાં ધ રોડમેપ એન્ડ પર્સ્પેક્ટીવ ઓફ જીઆઈડીએમ વિષયક એક દિવસીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઉપસ્થિત દેશ વિદેશના તજજ્ઞોએ આ સંસ્થાને સમગ્ર દેશ અને દુનિયામાં સેન્ટર ઓફ એક્સલન્સ બનાવવા માટે સામુહિક ચિંતન કર્યું હતું. આ સંસ્થાના ડિરેક્ટર જનરલ પી.કે. મિશ્રાના જણાવ્યા પ્રમાણે હાલ આ સંસ્થામાં આપત્તિ વ્યવસ્થાપન અને નિવારણ વિષયક જુદા જુદા ટૂંકાગાળાના તાલીમ અભ્યાસક્રમો ચાલી રહ્યા છે. હાલમાં જ આ સંસ્થામાં જુદા જુદા રાજ્યના વરિષ્ઠ અધિકારીઓને સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેનટ પ્લાન તૈયાર કરવા સંદર્ભની તાલીમ આપવામાં આવી રહી છે. આ સંસ્થાના ભાવિ વિકાસ માટે આ બેઠકમાં પરામર્શ કરાયો હતો. જે અંતર્ગત આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભના વિવિધ સર્ટીફીકેટ કોર્સથી માંડીને ડિગ્રી ડિપ્લોમાનો અભ્યાસ શરૂ કરવા ઉપરાંત જુદા જુદા કોર્સ માટેના અભ્યાસક્રમો નક્કી કરવા, સંશોધનોને પ્રોત્સાહન અને આવી પ્રવૃત્તિના વિકાસ માટેની જરૂરી સવલતો ઉભી કરવા, ડોક્યુમેન્ટેશન અને કેસ સ્ટડી તૈયાર કરવા બાબતે આ બેઠકમાં વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. ગાંધીનગરના રાયસણ ખાતે બે વર્ષ પહેલાં જ આ સંસ્થાનું બહુહેતુક એવું નવું બિલ્ડીંગ તૈયાર થયું છે. શરૂઆતથી જ આ સંસ્થા ખાતે ટૂંકાગાળાના તાલીમ અભ્યાસક્રમો ચાલી રહ્યા છે.

હવે ટુંક સમયમાં જ આ સંસ્થામાં લાંબા ગાળાના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે. જેમાં અર્થક્વેક રિસ્ક મેનેજમેન્ટ, કેમિકલ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ ડિઝાસ્ટર અર્બન રિસ્ક મેનેજમેન્ટ, કલાઈમેનટ ચેન્જ, કોમ્યુનિટી બેઈઝડ ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ તેમજ સંશોધન અને તાલીમ જેવા ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરના અભ્યાસક્રમો અને સંશોધન હાથ ધરવામાં આવશે.



ગુજરાત સરકાર સામે મિહિલા જાસુસી કેસમાં આક્ષેપો કરનાર સસ્પેન્ડેડ આઈપીએસ અધિકારી પ્રદિપ શર્મા આજે સીબીઆઈ કોર્ટ સમક્ષ હાજર થયા હતા.

# મહિલા જાસુસી કાંડ મામલે ફોજદારી ગુનો દાખલ કરવા સે.૭ પોલીસ સ્ટેશનમાં અરજી

ગાંધીનગર, તા. ૨૮

હાલ દેશમાં ચર્ચાના ચકડોળે ચડેલા મહિલા જાસુસી કાંડ મામલે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહ, સસ્પેન્ડેડ આઈ.પી.એસ. અધિકારી જી.એલ. સિંગલ સહિતના આરોપીઓ વિરૂદ્ધ કચ્છ લડાયક મંચના પ્રમુખ રમેશચંદ્ર રણછોડભાઈ જોષીએ જાહેર હિતની ફોજદારી ફરિયાદ દાખલ કરવા સેક્ટર-૭ પોલીસ મથકમાં ગત રોજ રાત્રે ૧૨.૧૫ કલાકે અરજી કરી છે. જેથી ગુજરાત સહિત સમગ્ર ભારતના રાજકારણમાં હાલ ભારે ગરમાવો આવી ગયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી પ્રાપ્ત માહિતી અનુસાર ભારતીય બંધારણ ૧૯૫૦ ના અનુચ્છેદ ૫૧ (એ) અને ફોજદારી કાર્યરીતિ સહિતાની કલમ ૩૯ તેમજ કલમ ૧૫૪/૧ માંની જોગવાઈઓ મુજબ કચ્છ લડાયક મંચના પ્રમુખ રમેશચંદ્ર રણછોડભાઈ જોષીએ ગતરોજ તા. ૨૮-૧૧-૨૦૧૩ના રોજ ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પોલીસમથકમાં મોડી રાત્રે ૧૨.૧૫ કલાકે આવી પહોંચ્યા હતા અને બહુચર્ચીત મહિલા જાસૂસી કાંડ સંદર્ભે રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, ગુ. રાજ્યના પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી અમિત શાહ તેમજ સસ્પેન્ડેડ આઈ.પી.એસ. અધિકારી જી.એલ. સિંઘલ સહિતના

● અનુસંધાન પાન-૭ પર






# અમદાવાદમાં ૨૧ નવીન હેલ્થ અર્બન સેન્ટરો બનાવાશે

અમદાવાદ, તા.૨૮

શહેરી વિસ્તારોમાં રહેતા ગરીબ અને ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના લોકોને નજીવી કિંમતે આરોગ્યની સેવાઓ મળી રહે તે હેતુસર તંત્ર દ્વારા હેલ્થ અર્બન સેન્ટર બીજા ૨૧ નવા બનાવવામાં આવશે. રાજ્ય સરકાર ગુજરાતના પ્રોજેક્ટ ઉપર ધ્યાન આપતી નથી તેવા બણગાં કેન્દ્ર સરકાર ફૂંકતી હોય છે પરંતુ રાજ્ય સરકાર દ્વારા શહેરમાં ૨૧ નવા હેલ્થ અર્બન સેન્ટર બનવા જઈ રહ્યા છે રાજ્ય સરકાર પાસે રૂા. ૩૪ કરોડની મંજુરી માંગી હતી પરંતુ રાજ્ય સરકારે ૫૦ કરોડની ગ્રાન્ડ મંજુર કરી છે.

# ગાંધીનગર તાલુકામાં વિકાસ કામોના આરંભ પહેલા અને પૂર્ણતાએ ફોટોગ્રાફસ મોકલવાના રહેશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકા પંચાયતના સ્વભંડોળમાંથી હાથ ધરવામાં આવતા વિકાસ કામો શરૂ કરતા પહેલાં અને પૂર્ણ થયા પછીના ફોટોગ્રાફસ બિલ આખરી કરતાં પહેલાં રજુ કરવાના રહેશે.

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા આ અંગેના હુકમો કરવામાં આવ્યા છે. તેમજ સાથે સાથે આ કામો થયા બાદ તેને પંચાયતના રજીસ્ટરમાં નોંધણી કરવાની રહેશે તેમ પણ જણાવવામાં આવ્યું છે.

વિકાસ કામોમાં એકસૂત્રતા ઉભી થાય તેમજ નાણાંનો વ્યય થાય નહિ અને સરકારની યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડી શકાય તેવો આશય આ આદેશ પાછળ હોવાનું પંયાતના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગરના સભ્યોને દર વર્ષે બજેટમાંથી તેમના વિસ્તારમાં વિકાસના કામો માટે સ્વભંડોળમાંથી નાણાં ફાળવવામાં આવે છે. આ ઉપરાંત સ્વભંડોળમાંથી રકમ ફાળવી અન્ય વિકાસ કામો પણ હાથ ધરવામાં આવે છે. આવા ઘણા કામો હજુ પડતર હોવાની વિગતો બહાર આવતાં આ આદેશ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.





ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

Sector-11,21,29
ક્ષમા યાચના
પ્રિય ગ્રાહક,
સામાજીક પ્રસંગના કારણે
તા.૨૯-૧૧-૨૦૧૩ને શુક્રવાર ના રોજ
રજા રહેશે.